॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

Website : www.jainshikshan.org E mail : jainshikshanboard@gmail. com

૭ જુલાઈ ૨૦૨૪ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦

સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.

૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.

OPEN BOOK / REGULAR શ્રેણી – ૪ WRITER YES / NO

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

MARKS

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૫૦)

**પ્ર.૧ સામાયિક–પતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** (૧૬)

૧. પરિસહેહિં **તેવીસાએ સૂયગડજ્ઝયણેહિં ચોવીસાએ દેવેહિં પણવીસાએ ભાવણાહિં છવ્વીસાએ** દસા

૨. પરિસહોવસગ્ગા **ફાસાફુસંતુ એયં પિ ય ણં ચરમેહિં ઉસ્સાસ** નિસ્સાસેહિં

૩. ચાઉક્કાલં **સજ્ઝાયસ્સ અકરણયાએ ઉભઓકાલં ભંડોવગરણસ્સ** અપ્પડિલેહણાએ

૪. ઈત્થં **ઠિઆ સિજ્ઝંતિ બુજ્ઝંતિ મુચ્ચંતિ** પરિનિવ્વાયંતિ

૫. આમોસે **સસરક્ખામોસે આઉલમાઉલાએ સોવણવત્તિયાએ ઈત્થી** વિપ્પરિયાસિયાએ

૬. આગારેહિં **અભગ્ગો અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો** જાવ

૭. વિલેવણ વિહિં **પુપ્ફ વિહિં આભરણ વિહિં ધૂપ વિહિં પેજ્જ વિહિં** ભક્ખણ

૮. ઉગ્ગમેણં **ઉપ્પાયણેસણાએ અપરિસુદ્ધં પરિગ્ગહિયં પરિભુત્તં** વા જં

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** (૧૧)

૧. સુત્તાગમે **સૂત્રરૂપ આગમ** ૨. પરમત્થ **સિદ્ધાંતની**

૩. મિચ્છાએ **મિથ્યાભાવે કરેલી** ૪. કિલામિયા **કિલામના–ગ્લાનિ ઉત્પન્ન કરી હોય**

૫. મોહરિએ **જેમ તેમ નિરર્થક બોલવું** ૬. કુદંસણ વજ્જણા **ખોટી શ્રદ્ધાનો ત્યાગ કરવો**

૭. અણાયારો **નહિ આચરવા યોગ્ય** ૮. જાવયાણં **બીજાને રાગ-દ્વેષના જિતાડનારા**

૯. સમ્મત્તસ્સ **સમકિતના** ૧૦. ઘોષહીણં **શુદ્ધ ઉચ્ચાર વિના ભણાયું હોય**

૧૧. સઈઅંતરદ્ધાએ **સંદેહ પડ્યા છતાં આગળ વધાયું હોય**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો. (૧૧)**

૧. જાણવા યોગ્ય **જાણિયવ્વા** ૨. રંગનો વેપાર કર્યો હોય **લક્ખ વાણિજ્જે**

૩. સૂત્ર, સિદ્ધાંત **આગમે** ૪. એવા સમકિતી જીવ **એવા સમકિતના**

૫. મળ્યેથી **સમાણે** ૬. કમળ સમાન **પુંડરિયાણં**

૭. આજ્ઞા આપો **અણુજાણહ** ૮. મસ્તકથી યા હાથથી સ્પર્શ **કાયસંફાસં**

૯. નમસ્કાર કરીને **નમોક્કારેણં** ૧૦. મિથ્યાત્વીના મતની ઈચ્છા કરવી **કંખા**

૧૧. જ્ઞાન, દર્શન ચારિત્રને પામીને ભ્રષ્ટ થયા હોય તેની તેમ જ **વાવન્ન**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૨)**

૧. શુદ્ધિ જાળવવા શું કરવું જોઇએ? (૧×૬)

**શુદ્ધિ જાળવવા માટે નિયમિત પાઠ ફેરવવા જોઇએ.**

૨. ક્યાં ધર્મ હોઈ શકે નહિ?

**જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ હોઈ શકે નહિ.**

૩. શું નિર્મળ અને દઢ બને છે?

**જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ નિર્મળ અને દઢ બને છે.**

૪. રોજ પ્રતિક્રમણ શા માટે કરવું જોઇએ?

**રોજ આત્માને પાપ લાગે છે માટે રોજ પ્રતિક્રમણ કરવું જોઇએ.**

૫. સાવદ્યયોગ કોને કહે છે? **૧૮ પાપની પ્રવૃત્તિને સાવદ્યયોગ કહે છે.**

૬. પરમાર્થ એટલે શું? **નવ તત્ત્વ આદિની વિસ્તૃત સમજણ.**

૭. નીચેનામાં કયા અતિચાર લાગે? (૨×૩)

૧) અષાઢ સુદ પૂનમે ઉત્તરાધ્યયન સૂત્રનો સ્વાધ્યાય કર્યો હોય. **અકાલે કઓ સજ્ઝાઓ**

૨) હાથી પર બેસીને મર્યાદા બહાર ગયા હોય. **તિરિયદિસિપ્પમાણાઈક્કમે**

૩) જેમાં ફૂગ વળી ગઈ હોય તેવા લાડવા વહોરાવ્યા હોય. **કાલાઈક્કમે**

૪) મને તો મીઠાઈ વગર ચાલે જ નહિ **ઉવભોગ પરિભોગ અઈરત્તે**

૮. એક શબ્દમાં જવાબ લખો.

૧) પ્રતિક્રમણનું બીજું નામ **આવશ્યક સૂત્ર**

૨) જિનેશ્વરે બતાવેલા ધર્મ સિવાયના અન્ય ધર્મ **પરપાખંડ**

૩) સૂત્ર અને અર્થરૂપ આગમ **તદુભયાગમે**

૪) જૈન સાધુની સામાયિક **દીક્ષા**

૯. આંકડામાં જવાબ લખો.

૧) પ્રતિક્રમણમાં આગમના પ્રકાર **૩** ૨) જ્ઞાનના અતિચાર **૧૪**

૩) નમોત્થુણંમાં તીર્થંકરને ઉપમા **૬** ૪) સૂયગડાંગ સૂત્રના અધ્યયન **૨૩**

(30)

**પ્ર.૨ (અ) તત્ત્વ વિભાગના આધારે ૩૫ બોલના આધારે જવાબ લખો. (૨૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ઈન્દ્રિય, નિક્ષેપ, રસ અને લેશ્યા એટલે શું?

**ઈન્દ્રિય : રૂપી પદાર્થોને આંશિક રીતે જાણવામાં સહાયભૂત થાય.**

**નિક્ષેપ : વસ્તુને સમજવા માટે વસ્તુ પર આક્ષેપ કરવો અથવા વસ્તુને સમજવા માટેનો દષ્ટિકોણ.**

**રસ : જેમાં આપણે ઓતપ્રોત થઈ જઈએ કે એકમેક થઈ જઈએ.**

**લેશ્યા : કષાય અને યોગની પ્રવૃત્તિથી ઉદ્ભવતા આત્મના શુભ-અશુભ પરિણામ.**

૨. માત્ર સંખ્યા લખો – ધ્યાન ૪ નય ૭

નિર્જરા **૧૨** ભાવ પ્રાણ ૪

૩. બીજે, એકવીસમે, અટ્ઠાવીસમે અને દશમે બોલે શું? બોલનું માત્ર નામ લખો.

**બીજે – જાતિ ૫, એકવીસમે – રાશિ ૨, અટ્ઠાવીસમે – સમકિત ૫ અને દશમે – કર્મ ૮**

૪. સ્પર્શનેન્દ્રિયના વિષય લખો.

**સ્પર્શનેન્દ્રિયના વિષય : સુંવાળો, ખરબચડો, હલકો, ભારે, ઉષ્ણ, શીત, ચોપડ્યો, લૂખો.**

૫. દ્રવ્યથી અનંત હોય તેવા દ્રવ્ય કેટલા? કયા? કેટલા દ્રવ્ય માત્ર મનુષ્ય ક્ષેત્રમાં છે? કયા?

**દ્રવ્યથી અનંત હોય તેવા દ્રવ્ય ૩ કાળ, પુદ્ગલ, જીવ. કાળ એક જ દ્રવ્ય માત્ર મનુષ્ય ક્ષેત્રમાં હોય.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૫)**

૧. શ્રાવકના વ્રત અને સાધુના ભાંગા કેટલા? **શ્રાવકના વ્રત ૧૨ અને સાધુના ભાંગા ૨૫૨.**

૨. એક ગુણસ્થાન જેનો સમાવેશ ચારિત્રમાં પણ થાય છે? **સૂક્ષ્મ સંપરાય.**

૩. ક્ષ પરથી શરૂ થતા સમકિતના નામ લખો.

**ક્ષાયક સમકિત અને ક્ષયોપશમ સમકિત**

૪. અનુયોગના નામ લખો. **દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ.**

૫. એકેન્દ્રિયને પર્યાપ્તિ કેટલી? એકેન્દ્રિયમાં કેટલા કાયનો સમાવેશ થાય?

**એકેન્દ્રિયને પર્યાપ્તિ ચાર અને એકેન્દ્રિયમાં પાંચ કાયનો સમાવેશ થાય.**

**(૩) યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. અક્રિયાવાદીના બોલ (૮૪, ૧૮૦, ૬૭) ૨. નયનું નામ (સ્થાપના, **વ્યવહાર**, ઉપમાન)

૩. શ્રાવકના ગુણ (**ગંભીર**, કૃતઘ્ન, સહનશીલ) ૪. તિર્યંચના દંડક (૮, ૯, ૧૦)

૫. જીવ ઓછામાં ઓછી કેટલી પર્યાપ્તિ બાંધે? (૫, ૪, ૩)

**(આ) સંસ્કાર વિભાગના આધારે લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો.** **(૬)**

૧. સૌંદર્યના દૃશ્યો બતાવવા કયા જીવોની હિંસા થાય છે? **પાણી, વનસ્પતિ.**

૨. અન્ય ધર્મ કોને એક માને છે? **સ્વર્ગ, મોક્ષ.**

૩. તહેવારના પ્રકાર લખો. **લૌકિક, લોકોત્તર.**

૪. ગુણાનુરાગી થવાથી કોને જીતી શકાય છે? **ઈર્ષ્યા, અદેખાઈ.**

૫. અભિમાન કરનાર કોને ગુમાવે છે? **મિત્રો, પ્રેમ.**

૬. કેવળજ્ઞાનીઓ શેના રહિત હોય છે? **રાગ, દ્વેષ.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

૧. ખુશામત હંમેશાં ...... ભરેલી અને ...... હોય છે. **સ્વાર્થ, અપ્રામાણિક**

૨. ગુસ્સાથી ...... અને ...... લાલચોળ થઈ જાય છે. **આંખો, મોઢું**

૩. ફટાકડાના ઝેરી ધુમાડાથી ...... બગડે, ...... વધે. **ફેફસાં, પ્રદૂષણ**

૪. સાચા ...... ના સંસ્કારના અભાવે જીવ ...... માં જાય છે. **ધર્મ, દુર્ગતિ**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૬)**

૧. મેઘરથ રાજાના પિતા શું બન્યા? તેઓ કયા ક્ષેત્રમાં થયા હતા?

**મેઘરથ રાજાના પિતા તીર્થંકર બન્યા. તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં થયા હતા.**

૨. ધર્મરુચિ અણગારના શરીરમાં શા માટે વેદના આવી?

**ધર્મરુચિ અણગારના શરીરમાં કડવા અને ઝેરી શાકના પ્રભાવે વેદના આવી.**

૩. અભયકુમાર મંત્રી હોવા છતાં શેનું પાલન કરતા હતા?

**અભયકુમાર મંત્રી હોવા છતાં શ્રાવકના વ્રતોનું ચુસ્તપણે પાલન કરતા હતા.**

૪. સંગમે ખીર ખાધા પછી એનું શું થયું?

**ખીરનું અજીર્ણ થતા શરીરમાં રોગ ઉત્પન્ન થયો.**

૫. રાજગૃહી પાસે કયો પર્વત હતો? રોહિણેયનો ધંધો શું હતો?

**રાજગૃહી પાસે વૈભારગિરિ પર્વત હતો. રોહિણેયનો ધંધો ચોરીનો હતો.**

૬. માથે નાથ છે તે સાંભળીને શાલિભદ્રએ શું વિચાર્યું?

**મારા માથે પણ નાથ છે? મારા માથે પણ સ્વામી છે. હું સંપૂર્ણ સ્વતંત્ર કે સુરક્ષિત નથી?**

**(૨) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

૧. તને કોઇ પ્રકારનો ભય નહિ રહે. **મેઘરથ રાજા દેવ બનેલા કબૂતરને કહે છે.**

૨. હું હવે પાપનો ધંધો છોડીને તેમના શરણે જાઉં. **રોહિણેય ચોર મનમાં વિચારે છે.**

૩. તમે જ કેમ સર્વસ્વ ત્યાગી દીક્ષા નથી લેતા. **સુભદ્રા ધન્નાજીને કહે છે.**

૪. બીજો નિર્દોષ આહાર લાવીને વાપરો. **ધર્મઘોષ મુનિ ધર્મરુચિ અણગારને કહે છે.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. હું શુદ્ધ **આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો, કરી કામ પર ઉપકારના યશ પણ ઉપાર્જન નવ કર્યો,**

**વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઇ કાર્યો નવ કર્યા, ફોગટ અરે ! આ લક્ષ ચોરાસી તણા ફેરા** ફર્યા.

૨. સુંદર **નથી આ શરીર કે સમુદાય ગુણ તણો નથી, ઉત્તમ વિલાસ કળા તણો દેદીપ્યમાન પ્રભા નથી,**

**પ્રભુતા નથી તો પણ પ્રભુ અભિમાનથી અક્કડ ફરું, ચોપાટ ચાર ગતિ તણી સંસારમાં ખેલ્યા** કરું.

૩. અથવા નકામું આપ પાસે નાથ શું બકવું ઘણું? હે દેવતાના પૂજ્ય ! આ ચારિત્ર મુજ પોતાતણું,

જાણો સ્વરૂપ ત્રણ લોકનું ત્યાં મારું તો શું માત્ર આ? જ્યાં ક્રોડનો હિસાબ નહિ ત્યાં પાઈની તો વાત ક્યાં?

૪. ચોવીસે જિનના, સઘળા એ ગણધર, ચૌદસો ને બાવન, તે પ્રણમું સુખકાર,

જિનશાસન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ, ગૌતમાદિક ગણધરે, વર્તાવ્યો આનંદ.

૫. સીમંધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીસ, છે અઢીદ્વીપમાં, જયવંતા જગદીશ,

એકસો ને સિત્તેર, ઉત્કૃષ્ટ પદે જગીશ, ધન્ય મોટા પ્રભુજી, તેમને નમાવું શીશ.

**જય – જિનેન્દ્ર**

- PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
- NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY
- TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914
- FOR BOOKS AND EXAM REGISTRATION